મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોસ્ટ બોક્ષ નં.૦૧ , હાઈવે રોડ, મહેસાણા -૩૮૪૦૦૨ (ગુજરાત)
ફોન નં. : ૦૨૭૬૨ -૨૫૩૨૦૧

## દૂધ પરિવહન કોન્ટ્રાક્ટ અંગેનું જાહેરનામું

આથી જણાવવાનું કે અમારા દૂધ સંઘ દ્વારા રાજસ્થાનમાં ફાલના તેમજ હરિયાણામાં લાડવા અને ઘરૂન્ડા ખાતે નવીન દૂધ શીતકેન્દ્રો ચાલુ કરવામાં આવી રહેલ હોવાથી સીઝન અને બીન સીઝનમાં નીચેના કોષ્ટક મુજબ હાલમાં સદર સેન્ટરોથી પ્રતિ દિવસ સરેરાશ અંદાજીત દૂધની આવક થાય તેમ હોવાથી ઉપરોક્ત દૂધ શીતકેન્દ્રો પરથી દૂધમાનસાગર ડેરી – માનેસર , દૂધમોતીસાગર ડેરી – ધારુહેડા, દૂધસાગર ડેરી – મહેસાણા કે દૂધ સંઘ સાથે સંકળાયેલ અન્ય લીઝ કે પ્રોસેસીંગ પ્લાન્ટ ખાતે ઠંડું કાચું દૂધ પરિવહનની કામગીરીમાં રસ તેમજ ૨૦૦૦૦ કિલોગ્રામ કેપેસીટીવાળું ટેન્કર ૨૦૧૩ કે તે પછીના મોડલ ધરાવતા ટેન્કર ટ્રાન્સપોર્ટરો પાસેથી પ્રતિ કિ.મી. ભાવ મંગાવવા આવે છે. ભાવ અરજી તા.૨૩.૦૫.૨૦૨૨ ને ૧૩:૦૦ કલાક સુધીમાં દૂધસાગર ડેરી – મહેસાણા ખાતે જમા કરાવવાની રહેશે. સદર કામગીરીનો સમયગાળો કામગીરી ચાલુ થયેથી થી ૩૧.૦૭.૨૦૨૩ સુધીનો રહેશે. સદર દૂધ પરિવહનની કામગીરી માટેની શરતો અને નીતિનિયમો હાલમાં રાજસ્થાન અને હરિયાણા ખાતે ચાલી રહેલ દૂધ શીતકેન્દ્રોની કામગીરી મુજબ લાગુ પડશે.

કોઈપણ ભાવ અરજીને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજૂર અથવા નામંજૂર કરવાનો તથા નેગોશીએશન કરવાનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીને રહેશે.

તા.૧૮.૦૫.૨૦૨૨

ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

**મહેસાણા જિ.સ.દૂ.ઉ.સંઘ લિ.,મહેસાણા.**

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,મહેસાણા

## <u>ટેન્કર ટ્રાન્સપોર્ટર ની વિગતો</u>

(૧) ટ્રાન્સપોર્ટ કંપની / પરિવહન પેઢીનું નામ : ................................................................................

(૨) ટેલિફોન / ફેક્સ નંબર :..........................................................................

(૩) માલીક/ભાગીદાર/ખાનગી પેઢીની વિગત : ............................................................................

(ભાગીદારી પેઢીનો દસ્તાવેજ રજુ કરવો.)

(૪) માલીક / મુખ્ય વ્યકિતનું નામ : ............................................................................

(૫) માલીકીના ટેન્કર સંખ્યા. : ..............................

(૬) કેટલા વર્ષથી દૂધ પરિવહનનો ધંધો કરો છો. : ............................................................................

(૭) હાલમાં બીજી કઈ ડેરી સાથે કોન્ટ્રાકટ કરેલ : ............................................................................

છે? વિગત આપો. મુદત. ............................................................................

(૮) કેટલા વર્ષથી દૂધસાગર ડેરી ખાતે દૂધ

પરિવહન કરો છો. : ............................................................................

(૯) પેઢીની માલીકીના ટેન્કર ની વિગત : (આર.સી.બુક બતાવ્યા સિવાય કોન્ટ્રેકટ મળશે નહી. ફીટનેશ સર્ટીફીકેટ, વીમા પોલીસી,સામેલ કરવી.)

(વાહન મોડેલ સને –૨૦૧૩ અગાઉનું ન હોવું જોઈએ)

| અ.નં. | ટેન્કર નંબર | રજીસ્ટ્રેશન નંબર | કઈ સાલનું મોડેલ | ટેન્કરની ક્ષમતા (ખાલી વજન બાદ કરતાં) | ફુડ લાયસન્સ નંબર (FSSAI) | ફુડ લાયસન્સ ની (FSSAI) વેલીડીટી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |

ટેન્ડર ફી રૂ.૧૧૮૦/–

**(પરત મળવાપાત્ર નથી )**

**ટેન્ડર ડિપોઝીટની રકમ પેટે રૂ. ૩૦૦૦૦૦ /–**

(ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતાં પરત મળવાપાત્ર)

## ટેન્ડર ફોર્મ અંગેની માહીતી :

દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે ભાવપત્રક જમા કરવાની છેલ્લી તારીખ :૨૩.૦૫.૨૦૨૨ અને ૧૩:૦૦ કલાક

## ટેન્ડર ફોર્મ મેળવવા / ભરવા અંગેની જરૂરી લાયકાતો:

- ટેન્કર R.T.O.ના નિયમો મુજબનું જ હોવું જોઈએ. વાહન રજીસ્ટ્રેશન બુકની નકલ, એફ.એસ.એસ.એ.આઈ લાયસન્સની નકલ, વિમા, નેશનલ પરમિટ, ફીટનેશ સર્ટીફીકેટ, પિ.યુ.સી. સર્ટીફીકેટની નકલ સામેલ કરવી.
- એવરેજ ૪ કિ.મી. / પ્રતિ લીટર, ટેન્કર માલિક પાસે પોતાની માલિકીના ઓછામાં ઓછા ૦૫ (પાંચ) ટેન્કરો હોવા જોઈએ તથા આ ટેન્કરો અન્ય ડેરી / સ્થળે ફરતા ન હોવા જોઈએ.
- એક વખત કામગીરી આપ્યા બાદ ટેન્કરનાં નંબરોમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહી, જો કોઈ ખાસ સંજોગોમાં ફેરફાર કરવાનો થાય તો પ્રતિ ટેન્કર ફેરબદલ દીઠ રૂ.૫૦૦૦/– નો દંડ કરવામાં આવશે.
- રાજસ્થાન / હરીયાણા  રાજયમાં દૂધ પરિવહન અંગે કામગીરી કરવાની તૈયારી હોવી જરૂરી છે.
- દૂધ પરિવહન કામગીરીનો ઓર્ડર મળતાં દિન -૦૫ માં પ્રતિ અવશીતન કેન્દ્ર પ્રમાણ ડિપોઝીટની રકમ પેટે રૂ. ૩૦૦૦૦૦ /–ના 'મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.' નામના ના ડિમાન્ડ ડ્રાફ્ટ સંઘમાં જમા કરવાના રહેશે. તેમ કરવામાં કશુર કરશો તો સદર રકમ સંઘ આપના સંઘ ખાતે ચાલતા અન્ય કોન્ટ્રાક્ટના બીલ /ડીપોઝીટની રકમમાંથી કપાત કરી સંઘમાં આપના ખાતે જમા લઇ શકશે .

## <u>કામગીરી ની શરતો :–</u>

કામગીરી અંગે ઓર્ડર મળતાં, કામગીરી શરૂ કરતાં પહેલાં કામગીરી અંગેની સંપુર્ણ માહિતી અંગે સંઘની **જયપુર** રાજસ્થાન ખાતે આવેલી **"દૂધસાગર નેશનલ"** ઓફીસે સંપર્ક / રૂબરૂ મુલાકાત કરવાની રહેશે.

**દૂધસાગર નેશનલ, બીજો માળ, માલવા ટાવર, પ્લોટ નં.એ–૧૩ એન્ડ ૩૭, ખાતીપુરા સર્કલની બાજુમાં, હનુમાનનગર, જયપુર – ૩૦૨૦૨૧ (રાજસ્થાન)**

(૧) ટેન્કરમાં દૂધનો જથ્થો ઓછો હોય તો પણ પરીવહનનો ચાર્જ ઓછા માં ઓછા ૨૦૦૦૦ કિ.ગ્રા ચુકવવામાં આવશે.

(૨) આપની સાથે નકકી કરેલ ભાવ મુજબ જ આપે સંઘના જવાબદાર અધિકારીશ્રી ની સુચના મુજબ રાજસ્થાન, હરિયાણા, યુ.પી તથા અન્ય રાજયમાં હાલમાં આવેલ તથા નવીન ખુલનાર દૂધ શીત કેન્દ્રોથી માનેસર અથવા ધારૂહેડા તથા સંઘ સાથે સંકળાયેલ લીઝ યુનીટ કે પ્રોસેસીંગ ડેરી પ્લાન્ટ ઉપર દૂધ પહોંચાડવાનું રહેશે, કોઈપણ પ્લાન્ટ ઉપર દૂધનું પરિવહન કરવા માટે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરના પાડી શકશે નહિ.

(૩) દૂધ પરિવહન જે તે સ્થળે નિયત કરેલ સમયમાં જ કરવાનું રહેશે. સંઘના નિયત કરેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર પરિવહન કરી શકશે નહી. સંજોગોવસાત રૂટમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર સંઘના નિયુકત કરેલ અધિકારીશ્રીનો રહેશે. તેઓશ્રી ની લેખિત પરવાનગી થી રૂટમાં ફેરફાર કરી શકાશે. જો નિયત રૂટના નિયમોના પાલનનુ ઉલ્લંઘન કરતા માલુમ પડશે તો પ્રતિ ટ્રીપ દીઠ રૂા. ૫૦૦૦/– નો દંડ કરવામાં આવશે.

(૪) આપનું ટેન્કર ગેટપાસ લઈને રવાના થયા બાદ નિયત સમય મર્યાદામાં જ જે–તે સ્થળે પહોંચાડવાનું રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો જે તે ટ્રીપની પેનલ્ટી પેટે રૂા.૫૦૦/– આપના આગામી કોઈપણ પેન્ડીંગ બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૫) ટેન્કર સાથેના માણસોની જવાબદારી ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરના શીરે રહેશે. ડેરીમાં પરિવહન માટે મુકેલ વાહનનો વિમો તથા સરકારશ્રી ના નિતિ નિયમ મુજબના અન્ય દસ્તાવેજ જે–તે ટ્રાન્સપોર્ટરે લેવાનો રહેશે તેમજ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરના માણસોએ સંસ્થાના નિતિ–નિયમોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે. ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરના માણસોની પોલિસ ચકાસણી નું પ્રમાણપત્ર સંઘમાં જમા કરવાનું રહેશે.

(૬) આપનું વાહન રસ્તામાં ખોટવાઈ જાય અથવા બ્રેક ડાઉન થાય ત્યારે ટેન્કરમાં ભરેલ દૂધનો જથ્થો નિયત સમયમાં જે તે બતાવેલ સ્થળે પહોંચાડવાની જવાબદારી ટ્રાન્સપોર્ટરશ્રીની રહેશે. આવા સંજોગોમાં દૂધ ખાટું ન થાય તે રીતે સંપૂર્ણ જવાબદારીપૂર્વકની કામગીરી નિયત સમય મર્યાદામાં જ કરવાની રહેશે. આપની નિષ્કાળજીના કારણે જો દૂધ ખાટુ થશે અથવા તેના જથ્થામાં ઘટાડો થશે તો જે –તે નુકશાનીની સંપૂર્ણ રકમ આપના બીલમાંથી નકકી કરેલ બજારની કિંમત મુજબ વસુલ કરવામાં આવશે.

(૭) ટેન્ડર ખુલ્યા પછી ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરે ટેન્કરોની યાદી તેમજ ટેન્કરના જરૂરી દસ્તાવેજો દિન ૦૫ (પાંચ)માં દૂધસાગર નેશનલની ઓફીસ ખાતે જમા કરાવવાના રહેશે અને તે એસ.એ.પી. (SAP) માં અપડેટ કરવામાં આવશે, ટેન્કરોની યાદી તેમજ દસ્તાવેજો જમા નહી કરવામાં આવે તો સંઘ દ્વારા તેઓને વર્ક ઓર્ડર આપવામાં આવશે નહી. જો કોઈ ટ્રાન્સપોર્ટર નવું ટેન્કર લાવવા માંગતા હોય તો પુરાવા તરીકે ખરીદીનું બીલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.

(૮) કોન્ટ્રાકટ સમય દરમિયાન આપનું વાહન રીપેરીંગમાં લઈ જવાના સંજોગોમાં અથવા જરૂરિયાત સંજોગોએ ટ્રાન્સપોર્ટરે અવેજીમાં લેખીત સંમતિ મેળવી, આપે વાહનની વૈકલ્પીક ગોઠવણી કરવાની રહેશે. જો તેમ કરવામાં તમો નિષ્ફળ જશો તો સંઘ દ્વારા અન્ય ભાડાના વાહનથી દૂધનું પરીવહન કરવામાં આવશે અને સંઘ દ્વારા ચુકવેલ ભાડુ અને આપને આપવા પાત્ર ભાડાના તફાવતની રકમ આપના બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૯) આપના ટેન્કર હંમેશા સ્વચ્છ હોવા જોઈએ, ટેન્કરના અન્ય ભાગો જેવા કે બોડી તેમજ કેબીનનું જરૂરી કલરકામ પણ નિયત સમયમાં કરાવવાનું રહેશે, તેમજ આર.ટી.ઓ.ના નિયમ અનુસાર કેપેસીટી, વાહનનું ફીટનેશ સર્ટીફીકેટ અને અન્ય જરૂરી તમામ સર્ટીફીકેટ આપે મેળવી લેવાના રહેશે. સંઘના અધિકારીશ્રી સંલગ્ન પત્રો જયારે પણ જોવા માંગે ત્યારે આપે રજુ કરવાના રહેશે. ટેન્કર મોડલ સને ૨૦૧૩ કે તે પછીનું હોવું જોઈએ (નોધઃ– આર.સી.બુકમાં રહેલ રજીસ્ટ્રેશન તારીખ જ ધ્યાનમાં લેવાશે). એકવાર મંજૂર થયેલ ટેન્કર સંઘની લેખિત પરવાનગી સિવાય બદલી શકાશે નહી તેમજ સદર ટેન્કર અન્ય કોઈપણ જગ્યાએ પરિવહન કરી શકશે નહી. દૂધ પરીવહન કરતાં ટેન્કરની બહારથી સફાઈ અનિવાર્ય છે, અઠવાડિયામાં એક વખત બહારથી ટેન્કર સાફ કરવું જરૂરી છે. જો તેમ કરવામાં કસુર કરશો તો રૂા.૧,૦૦૦/–નો દંડ દૂધસાગર નેશનલ / દૂધમાનસાગર ડેરી માનેસર / દૂધમોતીસાગર ડેરી ધારુહેડાના કવોલીટી એશ્યોરન્સ (કયુ.એ.) વિભાગના અધિકારી લગાડી શકશે.

દૂધસાગર નેશનલની ઓફિસમાં લેખિત બાહેધરી આપેલ એફ.એસ.એસ.એ.આઇ લાયસન્સ તેમજ રજિસ્ટ્રેશન નંબર વાળી ટેન્કરની નોંધણી કરાવવાની રહેશે, જે ટેન્કર અન્ય પરિવહન માટે મુકી શકાશે નહી. તેમજ અન્ય બાહેધરી / નોધણી કરાવેલ ટેન્કરો દૂધસાગર નેશનલ ખાતે મુકી શકાશે નહી, જેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તેમ કરવામાં નિષ્ફળ જનાર કોન્ટ્રાકટર પાસેથી સંઘ દંડની રકમ રૂા. ૫૦૦૦/– આપના પરિવહન બીલમાંથી કપાત કરશે.

(૧૦)આપના દૂધ ટેન્કરની ઈન્સ્યુલેટેડ ટાંકી કોઈપણ જગ્યા એ લીકેજ ન હોવી જોઈએ. તેમજ સદર ટેન્કર દૂધ ભર્યા પછી સંપૂર્ણ રીતે શીલ કરી શકાય તેવી વ્યવસ્થા સંઘના નિયમાનુંસાર ગોઠવવાની રહેશે. આ અંગે અમારા દૂધસાગર નેશનલ ઓફીસ / પ્રોસેસ (પ્રોડકશન) વિભાગ તરફથી જે તે સમયે જે જરૂરી સુચનાઓ મળે તેનો અમલ કરવાનો રહેશે.

(૧૧)કોઈપણ સંજોગોમાં દૂધ ભરેલ ટેન્કર જે તે સ્થળેથી સીલ કરીને રવાના કરવામાં આવશે, ત્યારથી નિયત સ્થળે પહોંચે ત્યાં સુધી સીલમાં કોઈપણ જાતનો ફેરફાર થયેલ માલુમ પડશે કે દૂધની ઘનતા, ગુણવતા, ફેટ/એસ.એન.એફ. તેમજ વજનમાં ફેરફાર જણાશે તો જે તે થયેલ નુકશાનની રકમ વત્તા પેનલ્ટી આપના બીલમાંથી કપાત કરી સંઘમાં મજરે લેવામાં આવશે તથા જરૂર જણાયે આપનો દૂધ પરીવહન કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

(૧૨)કુદરતી આફત કે અણધાર્યા અન્ય સંજોગોં જેવા કે આગ, અકસ્માત કે હુલ્લડ ને કારણે આપના ટેન્કરમાં ભરેલું દૂધ ઢોળાઈ જાય કે વેડફાઈ જાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે તેમ છતાં આ અંગે જે તે સમય, સ્થળ અને અકસ્માતનો પ્રકાર તથા સંજોગોને ધ્યાનમાં લઈ જે તે દૂધની નુકશાની અંગેનો નિર્ણય સંઘના મેનેજિંગ ડિરેકટરશ્રી કરશે, જે આપને બંધન કર્તા રહેશે.

(૧૨.અ)કોઈપણ પ્રકારના અકસ્માતની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. સંઘ કોઈપણ પ્રકારના નુકશાન કે જાનહાની માટે જવાબદાર રહેશે નહી. તેમજ દૂધ અંગેની કોઈપણ જવાબદારી લેશે નહી.

(૧૩)ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ડીપોઝીટ પેટે રૂા.૩,૦૦,૦૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે. ડીમાન્ડ ડ્રાફટ સામેલ નહી હોય તો ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી. આ રકમ વ્યાજ રહિત સીકયોરીટી ડીપોઝીટ તરીકે સંઘમાં જમા રહેશે તેમજ વધારાની ડીપોઝીટ પેટે દરેક બીલમાંથી ૫% પ્રતિ અવશીતન કેન્દ્ર પ્રમાણે કપાત કરવામાં આવશે, જે વ્યાજ રહિત સંઘમાં જમા રહેશે. નાણાંકીય વર્ષના આખરે રૂા.૧૦,૦૦,૦૦૦/– (પ્રતિ અવશીતન કેન્દ્ર) થી ઉપરની (સિકયોરીટી ડીપોઝીટ + વધારાની ડીપોઝીટ) રકમ તમોની કામગીરી સંતોષકારક પુર્ણ કર્યાથી આપની લેખિત માંગણી આવતા પરત કરવામાં આવશે. તેમજ સંઘ ખાતે જમા સિકયોરીટી ડીપોઝીટની રકમ ટેન્ડરનો સમયગાળો પૂર્ણ થયાના ૦૩ (ત્રણ) માસની અંદર સંઘ દ્વારા પરત કરવામાં આવશે.

(૧૪)ટેક્ષઃ– કોઈપણ પ્રકારના ટેક્ષ આપના ભાડાના બીલમાંથી સરકારશ્રીના કાયદા મુજબ કપાત કરીને જ આપના બિલનુ પેમેન્ટ કરવામાં આવશે.

(૧૫)પેમેન્ટ :– કરેલ કામગીરીનુ દર ૧૫ (પંદર) દિવસનું બીલ ડુપ્લીકેટ કોપીમાં દૂધસાગર નેશનલ ઓફીસ ખાતે ૦૫ (પાંચ) દિવસ સુધીમાં પહોચાડવાનું રહેશે. જે બીલ મળ્યા તારીખથી ૨૦ (વીસ) દિવસમાં તમારા બેંક ખાતામાં સદર રકમ ચુકવવામાં આવશે.

(૧૬)આ પરિવહન કોન્ટ્રાકટ સંઘને જરૂર પડે ત્યારે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય રદ કરી શકશે. અધવચ્ચે કોન્ટ્રાકટ રદ કરવાના સંજોગોમાં કોઈપણ જાતના નાણાં વળતર તરીકે ચુકવવામાં આવશે નહી.

(૧૭)કોન્ટ્રાકટર અને સંઘના મેનેજિંગ ડિરેકટરશ્રી વચ્ચે કોન્ટ્રાકટ સંબંધી અથવા શરતોના અર્થઘટન બાબતે કોઈપણ જાતના મતભેદ ઉપસ્થિત થશે તો સંઘના ચેરમેનશ્રી તેનો જે નિર્ણય આપે તે આખરી ગણાશે અને બંધનકર્તા રહેશે.

(૧૮)આ પરિવહન કોન્ટ્રાકટ કામગીરી ચાલુ કર્યા થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીનો રહેશે, અને સંઘને જરૂરીયાત મુજબ આ કોન્ટ્રાકટ ૦૧ (એક) વર્ષ સુધી લંબાવી શકાશે.

(૧૯)જો કોઇ સંજોગોમાં એમ.સી.સી બંધ થાય તો તે કોન્ટ્રાકટરનું ટેન્ડર પણ આપોઆપ રદ ગણવામાં આવશે

(૨૦)કોન્ટ્રાકટર પર લાગવામાં આવેલ દરેક ટેન્કરનું એફ.એસ.એસ.એ.આઇ લાયસંસ હોવું તેમજ ટેન્કર પર જી.પી.એસ. યંત્ર લગાવવું ફરજીયાત રહેશે.

(૨૧)દૂધ પરિવહનની કામગીરી દરમ્યાન વજન, ફેટ / એસ.એન.એફ.માં તફાવત આવશે તો તેની કપાત નીચે મુજબ રહેશે.

(અ) વજન / તફાવત – ૧૦૦ કિ.ગ્રા અને તેનાથી વધુ

(બ) ફેટ/ એસ.એન.એફ. તફાવત – ૦.૧ % અને તેનાથી વધુ

(૨૨)જો કોઈ કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન જો કોઈ કોન્ટ્રાકટ ટ્રાન્સફર કરવાનો થાય તો ટ્રાન્સફર ફી અન્વયે રૂા.૫૦,૦૦૦ /– સંઘ ખાતે જમા કરાવવાના રહેશે. જેની લેખિતમાં નોટરી કરેલ બાહેધરી આપવાની રહેશે.

(૨૩)ગુંડગાવ શહેરના ૦૧ થી ૧૫ જૂન ૨૦૨૧નો ડીઝલ ભાવ (૮૬.૯૧ રૂા. પ્રતિ લીટર) ધ્યાનમાં રાખી આપે ભાવો ભરવાના રહેશે. ત્યારબાદ કોન્ટ્રાકટ સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જયારે ડિઝલના ભાવામાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની કયુમીલીટી ગણતરી કરતા (થયેલ વધારાની રકમ માંથી ઘટાડાની રકમ બાદ કરતા) જે તારીખ થી રૂા. ૦૧ (એક) પ્રતિ લીટર કે તેથી વધુ રકમનો વધારો કે ઘટાડો થશે તે પાછલા ૧૫ (પંદર) દિવસની એવરેજને ધ્યાનમાં રાખીને મજરે આપવામાં આવશે. તે પછી ફરીવાર સરકારશ્રી ડિઝલના ભાવો માં વધારો કે ઘટાડો થતો રહેશે ત્યારે પણ ઉપર જણાવ્યા પ્રમાણે કયુમિલિટી વધ–ઘટની ગણતરી મુજબ વધ–ઘટ મજરે આપવામાં આવશે.

(૨૪)કોન્ટ્રાકટરનું દૂધ ભરેલું ટેન્કર જે તે રૂટ ઉપરના સંઘના જવાબદાર અધિકારી ગમે તે સમયે ચેક કરી શકશે અને કોઈપણ પ્રકારની ગેરરીતી માલુમ પડશે તો ઓછામાં ઓછા રૂા.૫,૦૦૦/– નો દંડ વસુલ કરવામાં આવશે. કોન્ટ્રાકટરના ડ્રાઈવર / કર્મચારીની કોઈપણ પ્રકારની ગેરવર્તણુંક, ચોરી કરવાના આશયથી કરવામાં આવેલ વર્તણુંક તેમજ અન્ય ગુનાઓમાં કોન્ટ્રાકટરને પણ તેટલા જ જવાબદાર ગણવામાં આવશે.

(૨૫)જો સદર કોન્ટ્રાકટ આપને ફાળવવામાં આવશે અને તેમાં સ્વીકાર કર્યા બાદ પાછળથી આપ જો કોન્ટ્રાકટ સમય દરમિયાન અધવચ્ચે કામ છોડી દેશો તો આપની સિકયોરીટી ડિપોઝીટ અને બીલમાંથી કપાત કરવામાં આવેલ પાંચ ટકા (૫ %) વધારાની ડિપોઝીટ સહીતની બધી જ રકમ જપ્ત કરવામાં આવશે, જે આપને પરત કરવામાં આવશે નહી.

(૨૬)સદર કોન્ટ્રાકટ અંગે કાયદેસરની કોઈપણ કાર્યવાહી કરવી પડે તો તે માટે મહેસાણાની કોર્ટ કાર્યક્ષેત્ર ગણાશે.

(૨૭)સંઘની પરીસરમાં તથા બધા જ શીત કેન્દ્રોની પરીસરમાં સંઘના નિતી–નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ તમારા માણસોએ સારી વર્તણુંક રાખવાની રહેશે, જેવી કે બીડી–તમાકું, પાન–મસાલા, ગુટકા, દારૂ, વગેરેનું વ્યસન કરી શકશે નહી અને જો તેમ કરતા પકડાશે તો તરત જ નિયુકત અધિકારી દ્વારા રૂપિયા ૫૦૦/– નો દંડ વસુલ કરવામાં આવશે.

(૨૮)ટેન્કર વાહનનું મોડલ૨૦૧૩ થી જુનુ હશે તો પર ટ્રીપે રૂા.૧,૦૦૦/– પેનલ્ટી રહેશે અને ૧૦ થી વધારે ટ્રીપ પર રૂા.૨,૦૦૦/– પેનલ્ટી રહેશે.

(૨૯)આપના માણસનો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, વિગેરેની લેબરના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. આ રકમ ટ્રાન્સપોર્ટર કોઈપણ સંજોગોમાં ભરવામાં નિષ્ફળ જાય તો આપના બીલમાંથી અથવા ડિપોઝીટમાંથી તેટલી રકમ કપાત કરી, કાયદેસર રીતે સંઘ ભરી શકશે, અને આ બાબતમાં ટ્રાન્સપોર્ટર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહીં. તેમજ આપના કોન્ટ્રાકટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપુર્ણ જવાબદારી આપની રહેશે.

(૩૦)સંઘના અંદાજ મુજબ દરેક શીત કેન્દ્રનું ઓછું, સરેરાશ અને મહત્તમ દૂધ પ્રાપ્તિ ગાળામાં દૂધ (કિ.ગ્રામ)માં દૈનિક આ સાથે લગાવેલ રીપોર્ટમાં દર્શાવેલ છે. આથી કોન્ટ્રાકટરે સદર દૂધની આવક અને ટેન્કરની જરૂરીયાત ધ્યાનમાં લઈ પુરતી ક્ષમતા ઉપરાંત પંદર ટકા (૧૫%) વધારાની ક્ષમતા વહન કરી શકે તેટલા ટેન્કરોની વ્યવસ્થા / બાહેધરી આપવાની કે મુકવાની રહેશે.

તદઉપરાંત આપને જાણ કર્યાથી ૧૨ (બાર) કલાકમાં આપે વાહન પુરૂ પાડવાનું રહેશે. બાહેંધરી આપેલ વાહન પુરા પાડવામાં નિષ્ફળ જશો તો સંસ્થા બીજા વાહનની ગોઠવણી કરશે તો તેનું ભાડું તમારા બીલમાંથી કપાત કરી ચુકવવાનું થશે, તે ઉપરાંત વાહન દીઠ રૂા.૧,૦૦૦/– દૈનિક પેનલ્ટી આપના બીલમાંથી કપાત કરી, આપને બીલ ચુકવવામાં આવશે. કોઈપણ જાતની પેનલ્ટી યા કપાત પર GST અલગથી લાગશે.

(૩૧)આ ટેન્ડરમાં દર્શાવેલ ઉપરોકત સામાન્ય શરતો તથા જો તમારૂ ટેન્ડર મંજુર થશે તો કોન્ટ્રાકટ ઓર્ડર ઈસ્યુ કરતાં ઓર્ડરમાં દર્શાવેલ જે તે શરતોનું પાલન પણ આપે કરવાનું રહેશે. આપે આઈ.એસ.ઓ. ૧૪૦૦૦ અંર્તગત પર્યાવરણ પધ્ધતિની માર્ગદર્શિકા ઈ.એમ.એસ. ગાઈડ લાઈન્સ અન્વયે કોન્ટ્રાકટરની કામગીરી કરવાની રહેશે.

(૩૨)કોઈપણ ટેન્ડર કારણ આપ્યા સિવાય મંજૂર કે નામંજૂર કરવાનો તથા પરામર્શ કરવાનો અબાધિત અધિકાર સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રીનો રહેશે.

(૩૩) સંઘ ધ્વારા અન્ય કોઈ શરતો ઉમેરવામાં આવે તો તે સર્વેને બંધનકર્તા રહેશે.

**ખાસ નોંધ :– ઉપરોકત નિયમો જેવા કે, વજન બાબતે તથા ફેટ / એસ.એન.એફ. ની કપાત / વસુલાતના નિયમોમાં ફેરફાર એનેક્ષર એગ્રીમેન્ટમાં દર્શાવવામાં આવશે, જે તમામને બંધનકર્તા રહેશે.**

ઉપર પ્રમાણેની દૂધ પરિવહન કામગીરીની શરતો મેં વાંચી, સમજી ને મારા ભાવ ભરેલા છે, જે મને માન્ય અને બંધનકર્તા છે.

પેઢીનો રબર સ્ટેમ્પ

સહી :–

નામ :–

તારીખ:–

હોદ્દો :–

| ભાવપત્રક | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr. No. | Centre Name | Location | | | | | | | | | | | | | |
| | | Route | Tentative milk volume | | DMD | | | DHD | | | | DSD | | | |
| | | | Lean Season | Flush Season | Both side KM Approx. | Tanker Capacity | Per KM Rate | Route | Both side KM Approx. | Tanker Capacity | Per KM Rate | Route | Both side KM Approx. | Tanker Capacity | Per KM Rate |
| 1 | **Ladwa** | Ladwa-Karnal-Panipat-Gohana-Rohtak By Pass-Sampla-Badli-Panchgaon-IMT Manesar-DMD | 15000 | 20000 + 20000 = 40000 | 492 | 20KL | | Ladwa-Karnal-Panipat-Gohana-Rohtak By Pass-Sampla-Badli-Panchgaon-DHD | 510 | 20KL | | – | – | – | – |
| | | | | | | 25KL | | | | 25KL | | – | – | – | – |
| | | | | | | 30KL | | | | 30KL | | – | – | – | – |
| 2 | **Falna** | Falna-Pali-Beawar-Ajmer-Shahpura-Paota-Neemrana-DMD | 15000 | 40000 | 1160 | 20KL | | Falna-Pali-Beawar-Ajmer-Shahpura-Paota-Neemrana-DHD | 1110 | 20KL | | Falna-Sumerpur-Sirohi-Abu Road-Palanpur-Mehsana-DSD | 500 | 20KL | |
| | | | | | | 25KL | | | | 25KL | | | | 25KL | |
| | | | | | | 30KL | | | | 30KL | | | | 30KL | |
| 3 | **Gharaunda** | Gharaunda(Karnal)-Ashandh-Safidon-Gohana-Rohtak By Pass-Sampla-Badli-Panchgaon-IMT Manesar-DMD | 15000 | 20000 | 362 | 20KL | | Gharaunda(Karnal)-Ashandh-Safidon-Gohana-Rohtak By Pass-Sampla-Badli-Panchgaon-DHD | 382 | 20KL | | – | – | – | – |
| | | | | | | 25KL | | | | 25KL | | – | – | – | – |
| | | | | | | 30KL | | | | 30KL | | – | – | – | – |

**ગુંડગાવ શહેરના ૦૧ થી ૧૫ જૂન ૨૦૨૧નો ડીઝલ ભાવ (૮૬.૯૧ રૂા. પ્રતિ લીટર) ધ્યાનમાં રાખી આપે ભાવો ભરવાના રહેશે

*  ટેન્કર માલિક પાસે પોતાની માલિકીના ઓછામાં ઓછા ૦૫ (પાંચ) ટેન્કરો હોવા જોઈએ તથા આ ટેન્કરો અન્ય ડેરી / સ્થળે ફરતા ન હોવા જોઈએ.

* હાલની દૂધની આવકને ધ્યાનમાં લઇ ૨0000 કિલોગ્રામના ટેન્કરનો ઉપયોગ કરવામાં આવશે. ભવિષ્યમાં સંઘને વધુ કેપેસીટીવાળા ટેન્કરની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે તે મુજબના ટેન્કરની વ્યવસ્થા કરવા આપ બંધાયેલ છો.

ટ્રાન્સપોર્ટરશ્રી ના સહી-સિક્કા